# તપતા સુરજ વચ્ચે વરસાદી ઝાપટું

**વાતાવરણ પલ્ટા સાથે શહેરમાં પોણો ઇંચ વરસાદથી ચોમેર પાણી : પલે પલે બદલાતા મોસમના મિજાજથી જનજીવન પ્રભાવિત શહેરમાં સિઝનનો ૭૪૦ મી મી વરસાદ**

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં આજે સવારથી વાતાવરણમાં સતત બદલાવ જોવા મળ્યો હતો. સવારે તડકો નિકળ્યા બાદ આકરા તાપની સાથે વરસાદી ઝાપટુ પણ વરસ્યુ હતુ. જયારે બપોર બાદ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા. કાળા ડિબાંગ વાદળો ધોધમાર વરસી પડતા પલવારમાં જ ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ સેકટરોમાં વરસાદી પાણી ભરાઈ જતા જનજીવન પ્રભાવિત થયુ હતુ સાંજે ૫ : ૩૦ સુધીમાં ૧૮ મી મી વરસાદ થયો હતો. સિઝનનો કુલ વરસાદ ૭૪૦ મી મી થયો હતો.

શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી વાદળિયુ વાતાવરણ જોવા મળી રહ્યુ છે. ભાદરવાના આકરા તાપ સાથે દિવસ દરમિયાન વાતાવરણમાં અનેકવાર પલ્ટો જોવા મળી રહ્યો છે. આકરા તાપની સાથે વરસાદના છાંટણા વરસતા મોસમનો નજારો પણ પલમાં બદલાઈ જાય છે. થોડીવાર વરસાદ અને થોડીવારમાં તડકો નિકળતા નગરજનો પણ મોસમના વિચિત્ર મિજાજથી ત્રાહીમામ પોકારી ગયા છે. આજે સવારથી સુર્યપ્રકાશની હાજરી વચ્ચે આકાશ ચોખ્ખુ રહ્યુ હતુ જયારે બપોર થતા જ આકાશમાં વરસાદી વાદળોની હાજરી વર્તાઈ હતી. જયારે તડકાની સાથે વરસાદના છાંટણા પણ વરસ્યા હતા. જયારે બપોરના અંતે અચાનક જ આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા. જયારે વાદળ ગર્જના સાથે વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. આકાશમાં ઘટાટોપ વાદળોના ઘેરાવ વચ્ચે અષાઢી નઝારો સર્જાયો હતો. ધોધમાર વરસાદ વરસવાનુ શરૂ થતા થોડીવારમાં જ સેકટરોના આંતરિક માર્ગો તેમજ મુખ્યમાર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. સાંજે ૫ : ૩૦ કલાક સુધીમાં પોણો ઈંચ જેટલો વરસાદ ખાબકયો હતો. શહેરના માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો થતા વાહનચાલકોએ પણ હાલાકી વેઠવી પડી હતી. જયારે કેટલાક ઠેકાણે માટી પોલાણના દ્રશ્યો સર્જાયા હતા.વરસાદના લીધે જનજીવન પ્રભાવિત થયુ હતુ. ઓફિસ છુટવાના સમયે વરસાદી ભીંજારાથી કર્મચારીઓએ પણ હાલાકી વેઠવી પડી હતી. ગાંધીનગરમાં છેલ્લા એક અઠવાડીયાથી વાતાવરણમાં સતત બદલાવ જોવા મળી રહ્યો છે. રોજબરોજ વરસાદી વાદળોના ઘેરાવ સાથે પલે પલે મોસમનો નઝારો બદલાય છે. ભાદરવાનો આકરો તાપ પણ હજુ પુરતો પડયો નથી સુરજદાદા વરસાદી વાદળો વચ્ચે લુપાછુપી રમતા સુસ્તી અનુભવતા નગરજનોના જન આરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે.

જ્યારે અમદાવાદ શહેરમાં આજે બપોર બાદ અચાનક વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને ભારે પવન ફુંકાવાની સાથે તેમ જ ધૂળની ડમરીઓ ઉડવાની સાથે ભારે ગાજવીજ અને વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ તૂટી પડયો હતો. જેના કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા અને સમગ્ર વાતાવરણમાં એકદમ ઠંડક છવાઈ ગયા હતા.





## જિલ્લામાં મધ્યમ અને હળવા વરસાદના ઝાપટા : ખેડૂતો ચિંતાતુર

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં આજે થયેલા મધ્યમથી હળવા વરસાદને પગલે ખેડતોમાં ખરીફ પાકની નુકશાનીના ભય ઉભો થવા પામ્યો છે.

જિલ્લામાં આજે સૌથી વધુ વરસાદ માણસા તાલુકામાં બે ઈંચ જેટલો નોંધાયો છે. આ ઉપરાંત ગાંધીનગર તાલુકામાં પણ પોણા ઈંચ જેટલો વરસાદ અને કલોલમાં પણ ૮ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં પાછોતરો વરસાદ થોભવાનુ નામ લેતો નથી. બીજી તરફ કપાસ અને મગફળીનો પાક તૈયાર થઈ જવા આવ્યો છે. વેલાવાળી શાકભાજીના પાકોમાં નુકશાનના ભયને પગલે શાકભાજીના ભાવો વધવા પામ્યા છે અને તેની અસર જનજીવન પર પડતી જોવા મળી રહી છે.

આજે દિવસ દરમ્યાન સવારથી જ આકરા તાપ વચ્ચે વરસાદ શરૂ થયો હતો. વરસાદના ઝાપટાઓ બપોર પછી વધુ જોરદાર નોંધાયા હતા.

ગાંધીનગર જિલ્લામાં પાછોતરો વરસાદ સારો થતાં આજે પણ ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા અને જિલ્લામાં માર્ગ-વાહન વ્યવહાર ધીમો પડેલો જણાયો હતો. જિલ્લામાં આજે નોંધાયેલા વરસાદને પગલે ખેડૂતોને ખરીફ પાકમાં નુકશાનનો ભય સતાવી રહ્યો છે.

જો કે તંત્ર હજુ પણ જિલ્લામાં પાકની સ્થિતિ સારી હોવાનો દાવો કરે છે. ક્યાંક ક્યાંક છુટીછવાઈ પાકમાં રોગની ફરિયાદ હોવાની વાતનો આડકતરો એકરાર પણ કરી રહેલ છે.

જિલ્લામાં માણસા તાલુકામાં આજે વરસાદ સારો થતાં આ સિઝનનો વરસાદ ૯૦ ટકા જેટલો ત્યાં થઈ જવા પામ્યો છે જયારે ગાંધીનગર તાલુકામાં પણ ૮૦ ટકાની આસપાસ આ સિઝનનો વરસાદ નોંધાયો છે.

જિલ્લાના કલોલ અને દહેગામ તાલુકામાં સિઝનનો ૧૦૦ ટકા વરસાદ થઈ ચુક્યો છે જે નોંધનીય છે.

## નવરાત્રીને આવકારવાના ઉત્સાહમાં વરસાદનું વિઘ્ન

**ખૈલેયાઓ અને ગરબા મહોત્સવના આયોજકો ચિંતામાં ગરકાવ : રોજબરોજ વરસાદી ઝાપટા વચ્ચે ગરબા મેદાનમાં તૈયારી કરવાનુ પણ મુશ્કેલ : નવરાત્રિમાં વરસાદ વિલન બનશે તેવા ભયથી આયોજકો અને ખૈલેયાઓમાં ઉચાટ**

ગાંધીનગર તા ૨૫

ભાદરવામાં આકરો તાપ પડવાની બદલે ગોરંભાયેલા વાદળો ગર્જના કરતા મોસમનો નઝારો પલવારમાં બદલાઈ જાય છે. સુર્યપ્રકાશની હાજરી વચ્ચે પણ વરસાદી વાદળો વરસી જાય છે. સતત વાદળિયા અને વરસાદી વાતાવરણથી નગરજનો પણ વિચિત્ર મોસમથી પ્રભાવિત છે. સંસ્થાકીય ગરબા મહોત્સવના આયોજનમાં પણ મોટાપાયે તૈયારીઓ થઈ રહી છે. ત્યારે ખર્ચને પહોંચી વળવા માટે પણ સ્પોન્સરોને મનાવી ગરબાના આયોજનને સફળ બનાવવા માટે નવલી નવરાતના દિવ્ય પર્વને વધુ ભવ્ય બનાવવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જયારે નવરાતના આડે હવે માંડ ત્રણ દિવસો જ બાકી



રહ્યા છે. ત્યારે ગરબા મેદાનને તૈયાર કરવાનુ કામ પણ કપરુ બન્યુ છે. નવરાત્રિ મહોત્સવના આયોજકોની હાલત હાલ એક સાંધે ત્યાં તેર તુટે જેવી થઈ છે. નવરાત્રિ મહોત્સવને અનુલક્ષી ગરબા મહોત્સવના આયોજકોની સાથે ખૈલેયાઓ પણ મહીનાઓ પુર્વેથી તૈયારી કરતા હોય છે. અવનવા સ્ટેપ્સ સાથે ગરબે ઘુમવા અને રંગબેરંગી ટ્રેડિશ્નલ વસ્ત્રોમાં સજ્જ થવા ઉત્સુક ખૈલેયાઓ રોજ કલાકો સુધી ગરબે રમવા માટે પ્રેકટીસ કરી રહ્યા છે. પરંતુ ગરબે ઘુમવા માટે થનગનતો યુવાવર્ગ પણ મોસમની વિચિત્ર અસરથી ચિંતિત છે. લાંબા સમયથી નવરાત પર્વની વાટ જોતા ખૈલૈયાઓ પણ

જયારે બીજીતરફ નવરાત્રિ મહોત્સવના આયોજનની તૈયારીમાં પણ વરસાદી વાદળો વિઘ્નરૂપ બન્યા છે. ગરબા મહોત્સવના આયોજકો અને ખૈલેયાઓમાં પણ વરસાદી મોસમનો આ મિજાજ ચિંતાનો વિષય બન્યો છે. હાલ સેકટરે સેકટરે નવરાત્રિ મહોત્સવની ઉજવણીનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે નવરાત મહોત્સવને અનુલક્ષી સેકટરોમાં શેરી સફાઈ સહીત નવરાત્રિ ચોકની સફાઈ પણ હાથ ધરવામાં આવી રહી છે. ગરબા રમવા ખૈલૈયાઓ ઉત્સુક બન્યા છે. ગરબા મેદાન તૈયાર થઈ રહ્યા છે. પરંતુ આકાશી નઝારો રોજબરોજ પલે પલે બદલાતા નવરાત્રિ મહોત્સવની તૈયારીમાં મોટુ વિઘ્ન ઉભુ થયુ છે.

● અનુસંધાન પાન-૭ પર



'મા'નો ગરબો રે... - મા-આદ્યશક્તિની આરાધનાના પર્વને આવકારવા માતાજીના ગરબાને અવનવી ડિઝાઈનમાં નયનરમ્ય બનાવાઈ રહ્યો છે... નવરાત્રીના નવેય દિવસ માથે ગરબો મૂકીને ઘુમતી ગુજરાતણ અનોખી ઉર્જા જન્માવે છે... અને એટલે જ ગાઈએ 'મા'નો ગરબો રે... ઝાકમઝોળ....

## જિલ્લો વાઈરલ ફિવરના ભરડામાં

**હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ત્રણ દિવસમાં ૧૮૦૦થી વધુ કેસ સંકાસ્પદ તાવના મળ્યા છે : ૪ હજારથી વધુ સ્થાનો પર મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લો વાયરલ ફિવરના ભરડામાં સપડાયો છે. છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન ૧૮૦૦ જેટલો શંકાસ્પદ તાવના દર્દીઓ મળી આવ્યા છે.

જિલ્લા મેલેરિયા તંત્ર આ દર્દીઓમાં મેલેરિયાના કેસો પોઝીટીવ નહિ જણાયા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. વાહકજન્ય રોગચાળો નથી પણ વાઈરલ ફિવર હોઈ શકે છે તેવી શંકા આ સૂત્રો કરી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આજે વધુ ૫૧૦ તાવના દર્દી મળી આવ્યા છે. આમ ત્રણ દિવસમાં જ ૧૮૦૦થી વધુ દર્દી તાવના મળી આવ્યા છે.

જિલ્લાની ટીમો દ્વારા આજે સર્વેલન્સમાં ૧,૪૨,૪૧૮ વ્યક્તીઓને આવરી લેવામાં આવી છે. જેમાં ૫૧૦ વ્યકતીઓ શંકાસ્પદ તાવ જણાતાં તેમના લોહીના નમૂના લઈ તપાસ માટે મોકલવામાં આવ્યા છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં ટીમો દ્વારા આજે ૩૦,૭૨૪ ઘરોની ચકાસણી કરવામાં આવી હતી અને ૮૨,૯૯૮ પાત્રોની તપાસ કરતાં ૧૪૬૦ પાત્રોમાં મચ્છરોના બ્રીડીંગ મળી આવ્યા હતા.

ત્રણ દિવસ દરમ્યાન ૪૨૦૦થી વધુ સ્થાનોએ મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા છે. પરંતુ મેલેરિયાના કેસ મળ્યા નથી. ડેન્ગ્યુના છુટા છવાયા કેસો હોવાનો તંત્ર એકરાર કરે છે. આટલી મોટી સંખ્યામાં મચ્છરોના બ્રિડીંગ મળતાં જ તંત્રની ટીમો દ્વારા તાત્કાલિક પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં ડેન્ગ્યુના કેસોની સંખ્યા વધી રહી છે. વાહકજન્ય રોગચાળામાં મેલેરિયા અને ડેન્ગ્યુ અને નોટીફાઈડ થયેલા હોવાથી તંત્ર પાસે નિયમિત આંકડાઓ તો આવે છે પરંતુ તંત્ર મગનુ નામ મરી પાડવા તૈયાર નથી. જિલ્લામાં ડેન્ગ્યુના કેસો છુટાછવાયા હોવાનો આડકતરો એકરાર કરે છે.

## રેલવે અન્ડર બ્રિજ તૈયાર એન્ટ્રી ખરી.. એક્ઝિટ નહીં..

**રેલવે અન્ડર બ્રિજને આખરી ઓપ આપવાનુ કામ ખોરંભે દબાણ હજુ યથાવત : બ્રિજના એકછેડાનુ થોડુ કામ બાકી : પ્રોજેક્ટ પાછળ 33 કરોડનો ખર્ચ : રેલવે સ્ટેશન , ફાઇવ સ્ટાર હોટલ સહીત ગાંધીનગર વાવોલ સાથે નવા રસ્તાનુ જોડાણ થશે**

ગાંધીનગર તા ૨૫

રેલવે અન્ડર બ્રિજ બનાવાનુ મોટાભાગનુ કામ પુર્ણ થઈ ગયુ છે. આ બ્રિજના નિર્માણ પાછળ અંદાજિત ૩૩ કરોડનો ખર્ચ કરાયો છે. પરંતુ આ બ્રિજના નિર્માણની કામગીરી સંદર્ભે એક સાઈટમાં ૧૨૦ મીટર જેટલુ કામ બાકી છે. જેના લીધે હાલ સ્થળ પર એન્ટ્રી લઈ શકાય પરંતુ એકઝિટ ન થાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

રેલવે સ્ટેશન તેમજ ફાઈવ સ્ટાર હોટલ અને ગાંધીનગરથી વાવોલ વચ્ચે સીધુ જોડાણ આપતા રેલવે અન્ડર બ્રિજનુ કામ હજુ પુર્ણ થયુ નથી. બ્રિજના છેવાડાનુ ૧૨૦ મીટર જેટલુ કામ બાકી છે. છેલ્લા અંદાજિત દોઢ વર્ષથી આ અન્ડર બ્રિજનુ કામ ચાલી રહ્યુ છે.જયારે આ બ્રિજના નિર્માણ પાછળ અંદાજિત ૩૩ કરોડનો ખર્ચ પણ કરવામાં આવ્યો છે. બ્રિજના નિર્માણનુ કામ જુન વર્ષ ૨૦૧૮ માં શરૂ કરવામાં આવ્યુ હતુ. આ બ્રિજની કામગીરીના અંતે રેલવે

● અનુસંધાન પાન-૭ પર

## પંચાયત ઘરોના રિપેરીંગ અંગેની વહીવટીય મંજૂરીની સત્તાઓ ડીડીઓને સોંપાઈ

ગાંધીનગર, તા. ૨૫

પંચાયત ઘરોના રીપેરીંગ અંગેની વહીવટીય મંજૂરીની સત્તાઓ જિલ્લા વિકાસ અધિકારીઓને સુપ્રત કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

રાજ્યના પંચાયત વિભાગે આ અંગેના જરૂરી હુકમો કરી દીધા છે. વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે ૨૦૧૬માં જર્જરિત પંચાયતના ઘરોની રીપેરીંગ કરવાની યોજના અમલમાં સરકારે મુકી હતી.

રૂ. પાંચ લાખ સુધીનો ખર્ચ પંચાયત ઘરના રિપેરીંગ માટે કરવાની વહીવટીય મંજૂરીની સત્તા જિલ્લા વિકાસ અધિકારીને આપવામાં આવી છે. પંચાયત ઘરને રીપેરીંગ માટેની વહીવટીય મંજૂરી આપેલ હોય પરંતુ સંજોગોવસાત તે રદ કરી અન્ય અગ્રિમતા ધરાવતા ગ્રામ પંચાયત ઘરના રીપેરીંગની મંજૂરી પણ જિલ્લા વિકાસ અધિકારી આપી શકશે તેવી સ્પષ્ટતા પણ આ નવા આદેશમાં કરવામાં આવી છે.

જિલ્લા વિકાસ અધિકારીને રૂ. પાંચ લાખની મર્યાદામાં પંચાયત ઘરના રિપેરીંગ માટેની વહીવટીય સત્તા સોંપવાની સાથે વહીવટીય સરળતા ઉપલબ્ધ થશે તેમ પંચાયત વિભાગના સૂત્રોનું માનવુ છે.

પહેલા સરકાર દ્વારા જિલ્લાઓ પાસેથી આ માટે દરખાસ્તો અલગથી મંગાવવામાં આવતી હતી અને તબક્કાવાર તે અંગેની મંજૂરી અને ગ્રાન્ટ છુટી કરવામાં આવી હતી. આના પરિણામે ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નોનો નિકાલ થતો ન હતો પરંતુ વહીવટીય રીતે તે ફાઈલોમાં અટવાયેલો વધુ રહેતો હતો.

### બેસણું



અમારા વડીલબંધુ શ્રી **ધરણીધરપ્રસાદ ચંદ્રશંકર ભટ્ટ (ધીરૂભાઈ-મુ.રાધનપુર,હાલ-ગાંધીનગર)** નું તા.૨૧-૯-૧૯ને શનિવારના રોજ દેવલોક પામ્યાં છે. **સદ્દગતનું બેસણું તા.૨૬-૯-૨૦૧૯ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : જી-૧૦૫, દ્વારકેશ સોસાયટી, એચ.પી.પેટ્રોલ પંપની બાજુમાં, વાવોલ, ગાંધીનગર**

ગં.સ્વ.સ્મિતાબેન ધીરૂભાઈ ભટ્ટ
મૃગેશ ધીરૂભાઈ ભટ્ટ
કિંજલબેન નીરવભાઈ

અરવિંદભાઈ ચંદ્રશંકર ભટ્ટ (ભાઈ)
રમેશભાઈ ચંદ્રશંકર ભટ્ટ (ભાઈ)
ગિરીશભાઈ ચંદ્રશંકર ભટ્ટ (ભાઈ)
અગ્રણી ગાંધીનગર બ્રહ્મસમાજ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com